# ખંભાલિયા નગરપાલિકા, તા.ખંભાલીયા, જી.દેવભૂમિ દ્વારકા

ખંભાલીયા નગરપાલિકામાં અગ્નિશમન સેવાના કર્મચારીઓની ભરતી માટે ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:અગન-૨૦૧૮-૭૦-વ પાર્ટ, તા.૨૭/૦૯/૨૦૧૯ થી મંજુર થયેલ તથા રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:સફ્સ/ફ્ન-૧૪૯/૭૧૩/૨૦૨૧, તા.૩૦/૦૩/૨૦૨૧ તથા કમિશ્નર, મ્યુનિસીપાલીટી એડમિનિસ્ટ્રેશનની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના હુકમ ક્રમાંક:કમિ.મ્યુનિ.એડી/મહેકમ-૧/ફાયર ભરતી/વશી.૭૦૦/૨૦૨૧, તા.૦૬/૦૪/૨૦૨૧થી (નિયમોમાં સુધારા-વધારાસાથે) મંજુર થયેલ જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ **તા.૨૬/૦૫/૨૦૨૧ થી તા.૨૫/૦૬/૨૦૨૧** સુધીમાં અરજી કરવાની રહેશે. ઉમેદવારો માટેની શૈક્ષણિક લાયકાત અને શારીરિક યોગ્યતાના ધોરણો આ સાથે સામેલ છે. જે મુજબની યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે નગરપાલિકા કચેરીની મહેકમ શાખામાં સંપર્ક કરવાનો રહેશે.

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | વર્ગ | શૈક્ષણિક લાયકાત, ટેકનીકલ લાયકાત, અનુભવ તથા વયમર્યાદા | કેટેગરી મુજબ ભરવાની થતી જગ્યાઓ | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | બિનઅનામત | | આ.ન.વ. | | સા.શૈ.પ.વ. | | અનુ. જાતિ. | | અનુ. જન. જાતિ. | | |
| | | | | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | |
| ૧ | વિભાગીયફાયર અધિકારી | ૧ | ૨ | (A) **<u>શૈક્ષિણક લાયકાત :-</u>**<br>(૧) માન્ય યુનિવર્સીટીના સ્નાતક,<br>(૨) સી.સી.સી પરીક્ષા પાસ અથવા સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક- તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ નિમાણુંક પછી રજુ કરવાનું રહેશે.(નગરપાલિકાઓમાં ફરજ બજાવતાકર્મચારીને લાગુ પડશે નહિ)<br><br>(B) **<u>ટેકનીકલ લાયકાત :-</u>**<br>(૧) નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુરનો ડીવીઝનલ ફાયર ઓફિસરનો કોર્ષ<br>(૨) હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ.<br><br>(C) **<u>અનુભવ :-</u>**<br>ફાયર સેવાઓમાં ફાયર ઓફિસર / સ્ટેશન ઓફિસર / સબ-ઓફિસર અથવા સમકક્ષ જગ્યા ઉપરકુલ નોકરીના ૪ વર્ષનો અનુભવ ધરાવતા હોવો જોઈએ.<br><br>(D) **<u>વયમર્યાદા :-</u>**<br>૪૫ વર્ષથી વધુ નહિ(નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીને લાગુ પડશે નહિ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૨ | સ્ટેશન ફાયર ઓફિસર | ૧ | ૩ | **(A) શૈક્ષિણક લાયકાત :-**<br>(૧) માન્ય યુનિવર્સીટીના સ્નાતક,<br>(૨) સી.સી.સી પરીક્ષા પાસ અથવા સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક- તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ નિમાણુંક પછી રજુ કરવાનું રહેશે.(નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીને લાગુ પડશે નહિ)<br><br>**(B) ટેકનીકલ લાયકાત :-**<br>(૧) નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુરનો સ્ટેશન ઓફિસર અને ઈન્ટ્રકટરનો કોર્ષ પાસને પ્રથમ પસંદગી અથવા નેશનલ ફાયર એકેડેમી(AIILSG), વડોદરા અથવા નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુરથી સબ ફાયર ઓફિસર કોર્ષ પાસ,<br>(૨) હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાયસન્સ ધરાવતા હોવો જોઈએ.<br><br>**(C) અનુભવ :-**<br>ફાયર સેવાઓમાં સબ-ઓફિસર અથવા સમકક્ષ જગ્યા ઉપર કુલ નોકરીના ૩ વર્ષનો અનુભવ ધરાવતા હોવો જોઈએ.<br><br>**(D) વયમર્યાદા :-**<br>૩૫ વર્ષથી વધુ નહિ(નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીને લાગુ પડશે નહિ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ફાયર વાયરલેસ ઓફિસર | ૧ | ૩ | **(A) શૈક્ષિણક લાયકાત :-**<br>(૧) ઈલેક્ટ્રોનિક એન્ડ કોમ્યુનિકેશન એન્જીનીયરીંગ/ટેલીકોમ્યુનિકેશન એન્જીનીયરીંગ/ઈલેક્ટ્રોનિક એન્જીનીયરીંગ વિથ રેડિયો કોમ્યુનિકેશનમાં ડીપ્લોમા અથવા ડીગ્રી,<br>(૨) સી.સી.સી પરીક્ષા પાસ<br><br>**(B) ટેકનીકલ લાયકાત :-**<br>(૧) લાઈટ મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાયસન્સ ધરાવતા હોવો જોઈએ.<br><br>**(C) અનુભવ :-**<br>સરકારી, અર્ધ-સરકારી કે ખાનગી સંસ્થામાં વાયરલેસ, ટેલીકોમ્યુનિકેશન ઇકવીપમેન્ટ, મોબાઈલ ટાવરના લગતા કામનો ૩ વર્ષનો અનુભવ<br><br>**(D) વયમર્યાદા :-**<br>૩૫ વર્ષથી વધુ નહિ(નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીને લાગુ પડશે નહિ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૪ | લીડીંગ ફાયરમેન | ૧ | ૩ | **(A) શૈક્ષિણક લાયકાત :-**<br>(૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમણુંક થવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ.એસ.સી (ધોરણ-૧૨) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.<br>(૨) નેશનલ ફાયર એકેડેમી(AIILSG), વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઈ.ટી.આઈ માંથી ફાયરમેન/ફાયર ટેકનોલોજી અને ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી GCVT/NCVT પાસ હોવા જોઈએ.<br>(૩) લાઈટ(હળવા) મોટર વ્હીકલ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ.<br>(૪) સ્વીમીંગની જાણકારી જરૂરી છે.<br><br>**(B) ટેકનીકલ લાયકાત :-**<br>(૧) નેશનલ ફાયર એકેડેમી(AIILSG), વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઈ.ટી.આઈ માંથી ફાયરમેન/ફાયર ટેકનોલોજી અને ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી પાસ હોવા જોઈએ.<br>(૨) હેવી/લાઈટ મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાયસન્સ ધરાવતો હોવો જોઈએ.<br><br>**(C) અનુભવ :-**<br>સરકારી કે અર્ધ-સરકારી અથવા ખાનગી ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા સમકક્ષ જગ્યા ઉપર કુલ નોકરીના ૫ વર્ષનો અનુભવ ધરાવતો હોવા જોઈએ.<br><br>**(D) વયમર્યાદા :-**<br>૩૫ વર્ષથી વધુ નહિ(નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીને લાગુ પડશે નહિ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ડ્રાઈવર કમ પંપ ઓપરેટર | ૩ | ૩ | **(A) શૈક્ષિણક લાયકાત :-**<br>(૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમાણુંક થવા માટે માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ.એસ.સી (ધોરણ-૧૨) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.<br>(૨) નેશનલ ફાયર એકેડેમી(AIILSG), વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઈ.ટી.આઈ માંથી ફાયરમેન/ફાયર ટેકનોલોજી અને ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી GCVT/NCVT પાસ હોવા જોઈએ.<br><br>**(B) ટેકનીકલ લાયકાત :-**<br>(૧) હેવી મોટર વ્હીકલ લાયસન્સ ફરજીયાત હોવુ જોઈએ.<br>(૨) સ્વીમીંગની જાણકારી હોવી જોઈએ. (નગરપાલિકા ખાતે ફરજ કરેલ/બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહિ)<br><br>**(C) અનુભવ :-**<br>ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા ડ્રાઈવર કમ પંપ ઓપરેટરની કામગીરીનું ૧ વર્ષનો અનુભવ અથવા અન્ય જગ્યાએ હેવી મોટર વાહન ચલાવવાનો ૨ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.<br><br>**(D) વયમર્યાદા :-**<br>૩૫ વર્ષથી વધુ નહિ(નગરપાલિકાઓમાં કર્મચારીઓને ઉંમરનો બાદ લાગુ પડશે નહિ) | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ |
| ૬ | ફાયરમેન કમ ડ્રાઈવર | ૧૨ | ૩ | **(A) શૈક્ષિણક લાયકાત :-**<br>(૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમાણુંક થવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ.એસ.સી (ધોરણ-૧૨) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.<br>(૨) નેશનલ ફાયર એકેડેમી(AIILSG), વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઈ.ટી.આઈ માંથી ફાયરમેન/ફાયર ટેકનોલોજી અને ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી GCVT/NCVT પાસ હોવા જોઈએ.<br><br>**(B) ટેકનીકલ લાયકાત :-**<br>(૧) લાઈટ(હળવા) / હેવી મોટર વ્હીકલ લાયસન્સ ફરજીયાત હોવુ જોઈએ.<br>(૨) સ્વીમીંગની જાણકારી હોવી જોઈએ.<br><br>**(C) અનુભવ :-**<br>ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા સમકક્ષ જગ્યા ઉપર કુલ નોકરીના ૧ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.<br><br>**(D) વયમર્યાદા :-**<br>૩૫ વર્ષથી વધુ નહિ(નગરપાલિકાઓમાં કર્મચારીઓને ઉંમરનો બાદ લાગુ પડશે નહિ) | ૫ | ૨ | ૧ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧૨ |

૧. ઉપરોક્ત જગ્યાઓ માટેની અરજી તા.૨૬/૦૫/૨૦૨૧ થી તા.૨૫/૦૬/૨૦૨૧ સુધીમાં "ચીફ ઓફિસરશ્રી, ખંભાળીયા નગરપાલિકા, નગર ગેઇટ પાસે, ખંભાળીયા-૩૬૧૩૦૫, જી.દેવભૂમિ દ્વારકા" ખાતે ફક્ત રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલવી આપવાની રહેશે.

૨. અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સઈઝ ફોટા નંગ-૦૧, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાતની સ્વપ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારે જાતિ અંગેનો સક્ષમ અધિકારીશ્રીનો પ્રમાણપત્ર રજુ કરવાનો રહેશે.

૩. ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે અરજી સાથે બિન અનામત વર્ગના અરજદારે રૂ.૫૦૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ, ચીફ ઓફિસરશ્રી, ખંભાળીયા નગરપાલિકાના નામથી મોકલવાની રહેશે.અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ તથા શૈક્ષણિક પછાત વર્ગના તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે પણ કોઈ ફી ભરવાની રહેશે નહિ.

૪. અરજી કવર ઉપર જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

૫. વયમર્યાદા સરકારશ્રીના નીતિ નિયમ મુજબની રહેશે.તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીના નિયમ મુજબ ઉમર છૂટછાટ મળવાપાત્ર થશેઅરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત શૈક્ષણિક લાયકાત, જરૂરી વયમર્યાદા તથા નિયત અનુભવ ધરાવતા હોવા જોઈએ.

૬. દરેક જગ્યા માટે ઉમેદવારે અલગ અરજી કરવાની રહેશે

૭. એક જ અરજીપત્રકમાં એક કરતા વધુ જગ્યા માટે અરજી કરેલ હશે તો અરજીપત્રક રદ ગણવામાં આવશે.

૮. અરજીપત્રક નગરપાલિકાની મહેકમ શાખામાંથી રૂબરૂમાં અથવા તો ઈ-નગર પોર્ટલ (https://enagar.gujarat.gov.in) ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૯. અધુરી ફી, સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ અને આ અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહિ

૧૦. આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે સંપૂર્ણ અથવા અંશત રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાનો સંપૂર્ણ અબાધિત હક્ક/અધિકાર રહેશે.નગરપાલિકા આ માટે કોઈ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહિ. જગ્યાઓની સંખ્યા અંદાજીત છે. જે ફેરફારને પાત્ર રહેશે.

૧૧. અનામત વર્ગના ઉમેદવાર સામાન્ય જગ્યા ઉપર અરજી કરે છે તો અનામતના કોઈ લાભ મળવાપાત્ર રહેશે નહિ. અને સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકેની શરતો લાગુ પડશે.

૧૨. માન્ય તમામ સંવર્ગના ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.પરીક્ષાનો અભ્યાસ ક્રમ નિયામકશ્રી, અગ્નિશમન સેવા દ્વારા નિયત કર્યા મુજબનું રહેશે.જે અંગેની જાણ માન્ય ઉમેદવારોને અલગથી કરવામાં આવશે.

૧૩. સરકારશ્રીની નીતિ અનુસાર વર્ગ-(૨) સંવર્ગના અધિકારીઓની તેઓને મળવાપાત્ર કાયમી પગાર ધોરણમાં પ્રથમ ૨ (બે) વર્ષ માટે અજમાયશી નિમણુંક આપવામાં આવશે.જયારે વર્ગ-(૩) સંવર્ગના કચેરીઓની પ્રથમ નિમણુંક ૫ (પાંચ) વર્ષના ફિક્સ પગારથી કરવામાં આવશે.વર્ગ-(૩) સંવર્ગના કર્મચારીઓનું કરારીય સમયગાળો પૂર્ણ થયેથી તેઓને નગરપાલિકાના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર પગાસભથ્થા મળવાપાત્ર થશે.

૧૪. (૧) શારીરિક રીતે તંદુરસ્ત હોવા જોઈએ. (૨) લાલ,લીલા કલરના તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩) ઉંચાઈ :- પુરૂષો માટે :- તમામ ઉમેદવાર – ૧૬૫ સે.મી. અને અનુસૂચિત જન જાતિ ઉમેદવાર – ૧૬૨ સે.મી., મહિલા માટે :- તમામ ઉમેદવાર – ૧૫૮ સે.મી. અને અનુસુચિત જન જાતિ ઉમેદવાર – ૧૫૬ સે.મી. (૪) વજન :- પુરૂષો માટે ૫૦ કી.ગ્રા. લઘુતમ, મહિલા માટે ૪૦ કી.ગ્રા. લઘુતમ, (૫) છાતી :- સામાન્ય – ૮૧ સે.મી. ફૂલાયેલી – ૮૬ સે.મી. (ફક્ત પુરૂષો માટે), ઉપરાંત શારીરિક કસોટીમાં ઉતીર્ણ થવાનું રહેશે. શારીરિક કસોટીના માપદંડોની માહિતી ઈ-નગર પોર્ટલ (https://enagar.gujarat.gov.in) તથા નગરપાલિકાના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે.

સ્થળ :- ખંભાળીયા.
તા.૨૬/૦૫/૨૦૨૧.

(એ.એચ. સિન્હા)
સભ્ય સચિવ
પસંદગી સમિતિ
અને
ચીફ ઓફિસર
ખંભાળીયા નગરપાલિકા